# ૧૫મી ઓગષ્ટથી અમદાવાદ-ગાંધીનગર વચ્ચે ઈલેક્ટ્રીક બસો દોડતી કરાશે



ગાંધીનગર, તા. ૨૭

આગામી ૧૫મી ઓગષ્ટથી અમદાવાદ ગાંધીનગર વચ્ચે ઈલેક્ટ્રીક બસસેવા ચાલુ થઈ જશે તે દિશામાં તંત્રની કવાયતો તેજ બની છે.

મળતી વિગતો મુજબ ૫૫ જેટલી ઈલેક્ટ્રીક બસો આ રૂટ પર મુકવામાં આવનાર છે. પ્રથમ તબક્કામાં ૨૦ જેટલી બસો આવશે. આ માટે ગાંધીનગર બસ સ્ટેશન ખાતે બેટરી ચાર્જીંગની ખાસ સુવિધા પણ ઉભી કરાઈ છે.

રાજ્ય સરકારે વિધાનસભાગૃહમાં વાહન-વ્યવહાર વિભાગની માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતાં વાહન વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા મંત્રી આર.સી. ફળદુએ ઈલેક્ટ્રીક બસો દોડાવવામાં આવશે તેવી જાહેરાત કરી હતી.

વિભાગ દ્વારા આ અંગેના ટેન્ડર સહિતની કામગીરી લગભગ સંપન્ન કરી દેવાઈ છે. સરકાર ૧૫મી ઓગષ્ટથી આ બસો ઓન રોડ થાય તે માટે પુરેપુરી આતુર છે.

પર્યાવરણની જાળવણી માટે સરકાર દ્વારા આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અવાજ અને વાયુના પ્રદૂષણમાં આ બસોના ઉપયોગથી ઘટાડો થશે.

ગુજરાત સરકારે વાયબ્રન્ટ સમીટ દ્વારા આવી એક ઈલેક્ટ્રીક બસનો ઉપયોગ મહેમાનોને લાવવા અને મુકવા માટે કર્યો હતો જે નોંધનીય છે.

રાજ્ય સરકારે ગાંધીનગર-અમદાવાદ વચ્ચે પહેલા લોઅર ફલોર બસનો પણ પ્રાયોગિક ધોરણે ઉપયોગ કર્યો હતો. આ પછી સી.એન.જી. બસો પણ દોડાવી હવે ગાંધીનગર ખાતે ઈલેક્ટ્રીક બસોનો નવતર પ્રયોગ થશે.

બે ફેરા બાદ બસની બેટરી ચાર્જ કરવી પડશે તેમ તંત્રના તકનીકી વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

# ખરીફ ઋતુમાં માત્ર ૫૦ ટકા વાવેતર

## અષાઢ કોરો ધાકોર રહેતાં ખેડૂતો ચિંતાતુર, પાક બચાવવા મોંઘા પિયતનો વિકલ્પ અપનાવવા ખેડૂતો મજબૂર

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં અષાઢ મહિનો કોરો ધાકોર રહેતાં ખરીફ ઋતુનું વાવેતર ૫૦ ટકા જ જેટલુ થવા પામ્યુ છે.

જિલ્લામાં ખેડૂતો સામાન્યતઃ ખરીફ ઋતુમાં ૧ લાખ ૫૦ હજાર હેકટરમાં વાવેતર કરતા હોય છે. આકાશી ખેતી પર નાના અને સીમાંત ખેડૂતો વધુ નિર્ભર છે. ગત વર્ષે ઓછો વરસાદ થતાં ખેતીમાં ભારે નુકશાન થયુ હતુ. આ વર્ષે પણ હજુ સુધી જિલ્લામાં વરસાદની ૫૦ ટકાથી વધુ ઘટ છે. હાલ વરસાદની ઘટને પગલે ખેડૂતોને મોંઘા પિયતનો વિકલ્પ પસંદ કરવો પડ્યો છે.

જિલ્લાના કૃષિતંત્રએ પણ વરસાદ ખેંચાતા આકસ્મિક પાક આયોજન અમલી બનાવી અને ખેડૂતોને આગામી દિવસોમાં વરસાદ થાય તો દિવેલા, મગ-અડદ જેવા પાકોના વાવેતર માટે માર્ગદર્શન આપવાનો પ્રારંભ કરી દીધો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૬૮ હજાર હેકટર વિસ્તારમાં પાકનું વાવેતર થયું છે. જેમાં કપાસ મગફળી અને ઘાસચારા તથા શાકભાજીના પાકોનું વાવેતર મુખ્ય છે. વરસાદ ખેંચાતા હાલ વાવણીની કામગીરી પણ ઠપ્પ થઈ જવા પામી છે.

જિલ્લાના ભૂગર્ભ જળના સ્તર નીચે જતાં પિયત પણ મોંઘુ બન્યુ છે. જિલ્લામાં સિંચાઈની સુવિધા નહિવત છે. જયારે આકાશી ખેતી પણ નિષ્ફળ જાય તો જિલ્લાનું અર્થતંત્ર પણ ખોડંગાઈ જાય છે.

# આકાશમાં છવાયેલા વરસાદી વાદળો મોડી સાંજ સુધી વરસ્યા નહીં



## જુલાઈના અંતે મેઘરાજા મનમુકીને વરસે તેવી આશ વચ્ચે નગરજનો ચિંતિત : દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણથી ગરમીમાં રાહત

ગાંધીનગર તા ૨૭

હરિયાળા ગાંધીનગરમાં વરસાદની મોસમ હજુ પણ નિખરી નથી. ચોમાસાના પ્રારંભ બાદ દોઢ મહીનાના અંતે પણ શહેરમાં સિઝનનો માંડ ૧૫ ટકા વરસાદ જ થયો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહીત સમગ્ર રાજયમાં મેઘરાજાએ મનમુકીને પાણી વરસાવ્યુ છે. પરંતુ ગાંધીનગરમાં વરસાદની મોસમ હજુ નિરાશાજનક છે. આજે પણ દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ આવશે તેવી આશા બંધાઈ હતી. પરંતુ મોડી સાંજ સુધી મેઘરાજાનુ આગમન થયુ ન હતુ. જો કે વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનોએ પ્રમાણમાં ગરમીમાં રાહત અનુભવી હતી.

ગાંધીનગરમાં ગઈકાલે હળવા વરસાદી ઝાપટા બાદ આજે દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદની ગેરહાજરી રહી હતી.

રાજયમાં દક્ષિણ ગુજરાત સહીતના વિસ્તારમાં વરસાદ વરસતા ગાંધીનગરમાં પણ મેઘરાજાની શાહી સવારી આવશે તેવી આશ વચ્ચે દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદની આશ અકબંધ રહી હતી. પરંતુ મોડી સાંજ સુધી મેઘરાજાનુ આગમન થયુ ન હતુ. જો કે વાદળિયા વાતાવરણ વચ્ચે

● અનુ. સાતમા પાને

# મુખ્યમંત્રી વિજયનભાઈ રૂપાણી આજે શિવપુરા કંપાનાં ખેતરો ખૂંદશે

ગાંધીનગર, તા. ૨૭

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે જિલ્લાના શિવપુરા કંપા ખાતે પ્રયોગશીલ ખેડૂત શાંતિભાઈ પટેલના ખેતરની વિશેષ મુલાકાતે જઈ રહ્યા છે. રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી દ્વારા મુખ્યમંત્રીશ્રી બન્યા બાદ જિલ્લામાં પહેલીવાર પ્રયોગશીલ ખેડૂતોની પીઠ થાબડવા જઈ રહ્યા હોવાથી જિલ્લાના ખેડૂતોમાં આનંદની લાગણી છવાયેલી જોવા મળી રહી છે. મુખ્યમંત્રીશ્રી અહિ ટપક સિંચાઈ પદ્ધતિ અને ફૂવારા પદ્ધતિ જેવી આધુનિક ખેતીનું નીરીક્ષણ કરી અને ખેડૂતો સાથે નાનકડી ગોષ્ઠી પણ કરવાના છે.

મુખ્યમંત્રી રૂપાણીના આ સૂચિત પ્રવાસને લઈ તંત્ર દ્વારા પણ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મુખ્યમંત્રી રૂપાણી સવારે ૧૦ વાગે શીવપુરા કંપા ખાતે પહોંચશે તેમ જાણવા મળેલ છે.

મુખ્યમંત્રીશ્રી સાથે રાજ્યના કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ જોડાશે. શાંતિભાઈ પટેલે પ્રયોગશીલ ખેડૂત તરીકે જિલ્લામાં અને રાજયકક્ષાએ જ નહિ પણ રાષ્ટ્રીય સ્તરે પણ પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. તેમણે ટીસ્યુ કલ્ચરની પણ સફળ ખેતી કરી ઓળખને વધુ મજબુત બનાવી છે.

શિવપુરા કંપામાં ખેડૂતો દ્વારા જળસંચય અને ઓછા પાણીએ વધુ પાક ઉત્પાદન મેળવવામાં સારી સફળતા મેળવી છે જે નોંધનીય છે.

# ધો. ૧૨ સાયન્સ પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સની પૂરક પરીક્ષાનું આજે પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જુલાઈ-૨૦૧૯માં લેવાયેલી પૂરક પરીક્ષામાં ૩૫.૬૧ ટકા પરિણામ આવ્યું છે.

ગુજરાતમાંથી કુલ ૧૫૫૮૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી માત્ર ૫૫૪૮ વિદ્યાર્થીઓ પાસ થયા છે. પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર થતાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં મિશ્ર પ્રત્યાઘાત જોવા મળ્યા હતા. ધોરણ-૧૦ અને ધોરણ- ૧૨ સામાન્ય પ્રવાહનું પૂરક પરીક્ષાનું પરિણામ તા.૩૦મીએ જાહેર થશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ ૨૦૧૯માં લેવાયેલી પરીક્ષામાં નાપાસ થયેલા ૧.૯૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ જુલાઈમાં પૂરક પરીક્ષા આપી હતી. જેનું પરિણામ તા.૩૦ જુલાઈના રોજ જાહેર કરવામાં આવશે. પૂરક પરીક્ષામાં પણ કોઈ વિદ્યાર્થીને પોતાના પરિણામથી અસંતોષ હોય તો વિદ્યાર્થીઓ તા.૭ ઓગષ્ટ સુધી ગુણ ચકાસણી માટે બોર્ડની કચેરીએ રૂબરૂ અથના પોસ્ટ દ્વારા અરજી કરી શકશે.

# ટેકનોલોજીના યુગમાં એસએમએસ કે ઈ-મેઈલ દ્વારા ૧૩૫ (ડી) નોટીસની બજવણીની માન્યતા

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યના ખેડૂત ખાતેદારો માટે હક્કપત્રક એ તેઓનો હક્ક દર્શાવતું આધારરૂપ દસ્તાવેજીકરણ ગણાય છે. હક્ક સંપાદન થયા અંગે ગામ નમૂના નં. ૬ અન્વયેની નોંધ સમયસર પાડવામાં આવે તો પક્ષકારને ઘણી રાહત રહેતી હોય છે. ખાસ કરીને હુકમી અધિકારીઓ જેવા કે, કલેકટરશ્રીઓ, પ્રાન્ત અધિકારીશ્રીઓ, નાયબ કલેક્ટર, મામલતદારે, સચિવ (વિવાદ), ગુજરાત મહેસૂલ પંચ, વિવિધ નામદાર કોર્ટ વિગેરેના કિસ્સામાં હુકમ થયા બાદ પણ હાલની પ્રક્રિયાના કારણે નોટીસ બજીને આવતા સમય થતો હોય તો કેટલાંક કિસ્સામાં પક્ષકારના સરનામામાં ફેરફાર થવાના કારણે નોટીસ પરત આવતી હોય છે. અથવા તો તેની સામે ઉપલી કોર્ટમાંથી સ્ટે મેળવવામાં આવે તો હુકમનો અર્થ સરતો નથી. આમ, હુકમી અધિકારીના આધારે હક્કપત્રકમાં નોંધ આખરી થવામાં ૬૦ થી ૯૦ દિવસ જેટલો સમય વ્યતિત થાય છે.

તેવી જ રીતે ઓનલાઈનથી જે ખેતીની જમીનનું વેચાણ થાય છે, તેમાં ખેતીની જમીનનું સર્વે નંબર મુજબના તમામ ક્ષેત્રફળનું વેચાણ, તમામ કબજેદારો કરતા હોય, તમામ હિતસંબંધ ધરાવનારા કે કબજેદારો હાજર હોઈ તેવા કિસ્સામાં પણ કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં ૧૩૫-ડીની નોટીસ બજાવવાની રહે છે. ૧૩૫-ડીની નોટીસ બજવણીના કિસ્સામાં ઈ-મેઈલ ઉપરાંત એસએમએસ એલર્ટ બંનેને માન્ય રાખવા ઉપરાંત એનઆઈસી ખાતેથી ઈલેક્ટ્રોનીકલી વેબ-એપ્લિકેશન/સોફ્ટવેર બનાવીને ઓટો જનરેટેડ ૧૩૫-ડીની નોટીસ એસએમએસ કે ઈ-મેઈલ દ્વારા બજવણી કરીને, તે બજાવ્યા બાબતની કોપી ડોક્યુમેન્ટમાં રાખીને તેને માન્ય ગણવા અંગે પણ કાયદાકાયી જોગવાઈમાં સુધારો કરવાનો થાય છે. કલમ-૧૩૫ (ડી) હેઠળ સ્પષ્ટ છે કે હક્કપત્રક ફેરફાર અંગેની નોંધ અંગે ૩૦ દિવસની સમયમર્યાદામાં હિત ધરાવતા પક્ષકાર દ્વારા વાંધો રજુ ન થયેથી સબંધિત નોંધ અંગે નિર્ણય લેવાપાત્ર ઠરે છે.

# સેકટરોના એપ્રોચ માર્ગ આસપાસ ફૂટપાથ પર મસમોટાં ગાબડાં

## કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથની જાળવણી માટે લાખોનો ખર્ચ કરાયો છતાં અનેક જગ્યાએ દેખાઈ રહ્યાં છે શરમજનક દશ્યો



ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં સેકટરોના એપ્રોચ માર્ગ આસપાસની ફુટપાથ તદન કંગાળ હાલતમાં છે. શહેરના મુખ્યમાર્ગોની ફુટપાથ પર ગાબડા પુરવા માટે તંત્ર દ્વારા નિરસત સેવાઈ રહી છે. શહેરમાં એક દાયકાથી વધુ સમય પહેલા ફુટપાથ નિર્માણનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે સમયાંતરે ફુટપાથના ગાબડા પુરવા માટે લાખો રૂપિયાનો ખર્ચ પણ કરવામાં આવ્યો છે. આમછત ફુટપાથ કંગાળ હાલતમાં છે. સેકટરોના એપ્રોચ માર્ગો આસપાસની ફુટપાથ પર મોટામસ ગાબડા પડ્યા છે. જેના લીધે મોર્નિંગ વોક કરનારાઓને પણ મુશ્કેલી વેઠવી પડે છે. ગાંધીનગરમાં દોઢ દાયકા અગાઉ મુખ્યમાર્ગો પર ફુટપાથ નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જયારે તબક્કાવાર મુખ્યમાર્ગો સહીત સેકટરોના એપ્રોચ માગો આસપાસ પણ ફુટપાથનુ નિર્માણ કરાયુ હતુ. ફુટપાથ નિર્માણના કામ પાછળ અંદાજિત કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ ફુટપાથની કામગીરી પાછળ કરવામાં આવેલા ખર્ચ પર પાણીઢોળ થઈ રહ્યુ છે. મુખ્યમાર્ગોની ફુટપાથ પર કેટલાક ઠેકાણે ચેકર ટાઈલ્સ પણ ઉખડી ગઈ છે. જયારે સેકટરોમાં જવા મોટ શોર્ટ રસ્તા અપનાવવા સ્થાનિકો દ્વારા પણ ગાબડા પાડવામાં આવ્યા છે. વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ મુખ્યમાર્ગો પર ફુટપાથ પરના ગાબડા ઢાંકવા માટે તંત્ર દ્વારા વોક વે ની જાળવણી માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે.પરંતુ સેકટરોના એપ્રોચ માર્ગો આસપાસની ફુટપાથને અનુલક્ષીને લાંબા સમયના અંતે પણ જાળવણીનુ કામ હાથ ધરાયુ ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. એપ્રોચ માર્ગ આસપાસના વોક વે ની સફાઈ પણ થતી નથી. આવા સંજોગોમાં ફુટપાથનો કાળા રંગનો ઢોળ ચઢી ગયો છે. કંગાળ અને તુટેલી ફુટપાથના લીધે સેકટરોના એપ્રોચ માર્ગો પણ રોનક ગુમાવી રહ્યા છે. કરોડોના ખર્ચે નિર્માણ થયેલ વોક વે ની જાળવણી માટે યોગ્ય આયોજન હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

# શહેરમાં નવા સરકારી આવાસો બાંધવા માટે ખુલ્લી જગ્યાનો અભ્યાસ કરાશે

## સે-૬ બાદ હવે આવાસ નિર્માણ માટે નવી સાઈટ પસંદ કરવા માટે પ્રકીયા હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૭

શહેરમાં જુદી જુદી કેટેગરીના સરકારી આવાસો તોડવા માટે તબક્કાવાર મંજરી આપવામાં આવે છે. અગાઉ સે-૬ માં આવાસો તોડીને નવા આવાસો બાંધવા માટે પણ કામ શરૂ કરી દેવાયુ છે. સેકટરોમાં હજુ પણ નવા ૫૬૦ જેટલા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવનાર છે ત્યારે આવાસોનો કડુસલો કરાયા બાદ ખુલ્લી જગ્યાનો અભ્યાસ કરી નવા આવાસો માટે સ્થળ પસંદગી કરવામાં આવશે.

શહેરમાં સરકારી આવાસોને તોડીને નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી નિર્માણ કરાયેલા વિવિધ કેટેગરીના આવાસો પૈકી મોટાભાગના હાલ જોખમી હાલતમાં છે. અલબત્ત સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી. ત્યારે જુના અને કંગાળ આવાસો તોડીને નવા આવાસો બાંધવા માટે પણ તબક્કાવાર માર્ગ મકાન વિભાગ દ્વારા આયોજન કરવામાં આવી રહ્યુ છે. હાલની સ્થિતિએ સે -૭ , સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો તૈયાર કરી દેવાયા છે. જયારે સે-૬ માં નવી ટાવર કોલોનીના નિર્માણનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે સેકટરોમાં હજુ પણ નવા આવાસો બાંધવાનુ અનિવાર્ય હોવાથી તબક્કાવાર કંગાળ આવાસો તોડીને નવા મકાનો બાંધવા માટે આયોજન કરવામાં આવશે. હાલ જુના આવાસો તોડવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. બીજીતરફ આવાસો તોડીને ખુલ્લી થતી જગ્યાનો પણ યોગ્ય અભ્યાસ કરીને નવા આવાસો બાંધવા માટે સ્થળ પસંદગીની પ્રકીયા હાથ ધરાશે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના મકાનો તોડવામાં આવી રહ્યા છે. તો માર્ગ મકાન વિભાગના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. આવા સંજોગોમાં નવા આવાસોનુ નિર્માણ કામ પણ ઝડપથી હાથ ધરાય તેવી માંગ ઉઠવા પામી છે. જુના અને જોખમી આવાસો પણ તંત્ર દ્વારા નોટીસના અંતે ખાલી કરાવાની ઝુંબેશ હાથ ધરાઈ છે. નવા આવાસના નિર્માણ માટે ઝડપથી કામ હાથ ધરાય તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.

# સાબરમતી રેલવે સ્ટેશનથી ૨૩ કિલો ચરસ જપ્ત

અમદાવાદ, તા.૨૭

અમદાવાદ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના અધિકારીઓએ ફરી એકવાર એક મહત્વના ઓપરેશનમાં, શહેરના સાબરમતી રેલ્વે સ્ટેશન પરથી ૨૩ કિલોના ચરસના જથ્થા સાથે બે આરોપીઓને ઝડપી લીધા હતા. એનસીબી દ્વારા જપ્ત કરાયેલા ચરસના જથ્થાની બજાર કિંમત રૂ.૨૮ લાખ થવા જાય છે. સાબરમતી રેલ્વે સ્ટેશન ખાતેથી ચરસનો જથ્થો આટલો મોટો ઝડપાતાં ચકચાર મચી ગઈ હતી.

**પ્લોટ વેચાણ આપવાનો છે**

ગાંધીનગરમાં ૨૨૦૨ ચો.વાર, N.A. / N.O.C., ટાઈટલ ક્લીયર, પઝેશન સાથે
● T.P.માં R-4 ઝોન, સાત માળ સુધી બનાવી શકાય, બંને બાજુ ૨૪ મીટર રોડ ટચ
પ્રાઈમ લોકેશન
Mo. 90168 72718

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com